બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા. સેકટર-૬ વીટકોસ બસ સ્ટોપ પાસે, બેંક ઓફ ઈન્ડિયા, સે-૧૬ પાસે પાર્કીંગ ઝોનમાં પણ પાણી ભરાઈ ગયા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિલોડા સર્કલ પાણી પાણી : ટ્રાફિક ચક્કાજામ

છેલ્લા ત્રણેક દિવસથી એકધારે વરસેલા વરસાદે ચિલોડા સર્કલે વાહનચાલકોની સ્થિતિ કફોડી બનાવી દીધી હતી. પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે ચોમાસામાં અહીં દર વખતે મુશ્કેલી નડે છે. પરંતુ તંત્ર દ્વારા તેનો કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. ખૂબ જ વાહનવ્યવહાર ધરાવતા નેશનલ હાઈવે પરના અતિ મહત્વના આ સર્કલે પાણી ભરાવાથી થયેલ ચક્કાજામ ટ્રાફિકને ઉકેલવામાં સ્થાનિક પોલીસકર્મીઓને આ વાતાવરણમાં પણ પરસેવો પડી ગયો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે કડી કેમ્પસમાં 'થીંક આઉટ ઓફ બોક્ષ' સેમિનાર યોજાશે

એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અને જુનિયર ચેમ્બર્સ દ્વારા જેસી વીક સેલિબ્રેશન અંતર્ગત આ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલ એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા જુનયિર ચેમ્બર્સના સહકારથી 'થીંક આઉટ ઓફ ધ બોક્ષ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર તા. ૧૦મી સપ્ટેમ્બરે ખીમજી વિશરામ હોલમાં સવારે ૧૦.૩૦ થી ૧૨.૧૫ વાગ્યા દરમિયાન યોજાશે.

આ સેમિનારમાં વિદ્યાર્થીઓને જીવનમાં કંઈક અલગ રીતે વિચાર કરીને સફળતા કેવી રીતે મેળવવી તે અંગે માર્ગદર્શન અપાશે. આ સેમિનારમાં ટેલિ ફિલ્મ્સના પ્રોડયુસર ડાયરેકટર અને દિવ્ય ભાસ્કરના ડેપ્યુટી ચીફ એડીટર શૈલેન્દ્ર વાઘેલા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, જેસીઆઈના ઝોનલ પ્રમુખ અશ્વિન પી. ચાંદરાણા, 'ચાઈ-વાઈ' ફેમ ઈનોવેટીવ એન્ટરપ્રિન્યોર દેવેન્દ્ર ખુમાન પણ ઉપસ્થિત રહેશે. આ સેમિનાર વિદ્યાર્થીઓને વિચારોના મેનેજમેન્ટ અને આઉટ ઓફ બોક્ષ થીકીંગ કરવાથી મળતી સફળતા અંગે પ્રોત્સાહિત કરશે.

દસ દિવસ સુધી વિઘ્નહર્તા દેવની પૂજા આરાધના કરવામાં આવી હતી. દુંદાળા દેવની ભકિતમાં નગરજનો લીન થઈ ગયા હતા. વાવોલના નાડિયા પરિવાર યુવક મંડળ દ્વારા પણ ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો અને દસમાં દિવસે બાપ્પાને ઢોલ-નગારા સાથે વિદાય આપવામાં આવી હતી. અજય નાડિયા, યોગેશ નાડિયા, વિપુલ નાડિયા, રાકેશ નાડિયા અને વિક્રમ નાડિયા બાપ્પાના વિસર્જનમાં જોડાયા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

નભોઈ નર્મદા કેનાલમાંથી એક યુવતીનો મૃતદેહ મળ્યો

૩૦ થી ૩૫ વર્ષની બિનવારસી યુવતીની ઓળખ માટે અડાલજ પોલિસ દોડતી થઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક સુઘડ ગામની સીમમાં નભોઈ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણી યુવતીનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનાનો ગુનો દાખલ કરીને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપી છે. બિનવારસી મૃતદેહની ઓળખ માટે પોલીસે તજવીજ શરુ કરી છે.

કેનાલ સિકયુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં હતા ત્યારે બપોરના અરસામાં નભોઈનર્મદા કેનાલના પાણીમાંથી આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરની યુવતીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. સિકયુરીટી ગાર્ડે મૃતદેહ અંગે પોલીસને જાણ કરતાં અડાલજ પોલિસ મથકના પીએસઆઈ એચ.સી. રાઠવા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. મૃતદેહ કેનાલના પાણીમાંથી બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે તથા વાલી વારસની શોધખોળ માટે તપાસનો દોર શરૂ કર્યો છે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જ્ઞાનનો ખજાનો ખોલતું પુસ્તક ઓલ ઈન વર્લ્ડનું વિમોચન કરાયું

આજના યુગમાં સરકારી નોકરી મેળવવા માટે જનરલ નોલેજ ખૂબ અગત્યનું પરિબળ બની ગયું છે. વર્ગ-૧ અને ૨ માટે જીપીએસસીથી લઈને કલાર્ક, તલાટી, કોનસ્ટેબલ, પીએસઆઈ, ટાટ, ટેટ, એચટાટ, ડેપ્યુટી એસઓ, યુપીએસસી અને તેના જેવી અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સાંપ્રત પ્રવાહોને લગતા આખા વિશ્વના જનરલ નોલેજના સવાલ જવાબ આવરી લેતા પુસ્તકનું ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ઓલ ઈન વર્લ્ડ એડવોકેટ મુકેસ એસ. પટેલ, ધર્મિષ્ઠા એમ. પટેલ અને ગાંધીનગર સમાચારના પત્રકાર દર્શન મારૂ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. ઓલ ઈન વર્લ્ડ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી રહેલા વિદ્યાર્થીઓ માટે આર્શિવારૂપ સાબિત થાય તેમ છે.

ગાંધીનગરમાં ફાર્મેક ઈન્ડીયા ૨૦૧૪ યોજાશે

આવતી કાલથી મહાત્મા મંદિરે પ્રારંભ : આ વર્ષે ૧૦,૦૦૦થી પણ વધુ મુલાકાતીઓની ધારણા : ફાર્મા ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ફાર્મા ઉદ્યોગના મહાકુંભ સમાન ફાર્મેક ઈન્ડિયા ૨૦૧૪ ગુરુવારથી મહાત્મા મંદિર ખાતે યોજાશે. ઓર્બિટ એકિઝબીશન અને ઈન્ડિયન ડ્રગ્સ મેન્યુફેકચરર એસોસીએશન દ્વારા યોજાતો આ પાંચમો ટ્રેડ ફેર છે. આ ટ્રેડ ફેરમાં મુલાકાતીઓની સંખ્યા આ વર્ષે ૧૦,૦૦૦થી પણ વધુ રહેશે તેવી આશા સેવાઈ રહી છે.

ફાર્મેક ઈન્ડીયા ટ્રેડ ફેરમાં બલ્ક ડ્રગ ઉત્પાદકો, પેકેજીંગ મટીરીયલ્સ સપ્લાયર્સ, ફાર્મા મશનરી અને તેના ઉપકરણો, ઉત્પાદકો, એપીઆઈ ઉત્પાદકો, ફાર્મા લેબોરેટરીઝ, મટીરીયલ તથા કોન્ટ્રાકટ મેન્યુફેકચરીંગ કરતી કંપનીઓ સહિત આ ઉદ્યોગના તમામ હિત ધારકો માટે પરસ્પર સંબંધો ડેવલપ કરવા માટેનું ઉત્તમ સ્થળ બની રહેશે. આ પ્રદર્શનમાં છેલ્લા દિવસે યોજાનારા સેમિનારમાં દવા ઉદ્યોગના પ્રતિનિધિઓ હાલમાં ઉદ્યોગમાં જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરશે. આ વર્ષે આ ટ્રેડ ફેરમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા ફાર્મા કંપનીઓને વેન્ડર ડેવલપ કરવા માટેની ખાસ સહાયતા અપાશે.

ગાંધીનગર બ્રહ્મસક્ષીય સમાજના બાળકો માટે રવિવારે ટાઉનહોલ ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. જુનિ.કે.જી. થી માસ્ટર ડીગ્રી સુધીના વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. સમાજના ઉપપ્રમુખ શ્રી પી.સી. વલેરાને મળેલા રાષ્ટ્રપતિ મેડલ બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહના મુખ્ય મહેમાન તરીકે અમદાવાદના ઉદ્યોગપતિ ધનરાજભાઈ ખત્રી, હેમલતાબેન ખત્રી, ગીરીશભાઈ કીરી, નવીનચંદ્ર માધુ, મોહનભાઈ જોગી, મુરલીબેન છાંટબાર તથા ભોગીભાઈ ટાટારીયા ઉપસ્થિત રહ્યા હતા. સમાજના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા મીલી અને મિલાપ ટાટારીયા દ્વારા કરાટેના દાવોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કુમારી મીલી ટાટારીયાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના મેન્ટર ડૉ. યશવંતભાઈ છાંટબાર, ચેરમેન નરેન્દ્રભાઈ ખત્રી, પ્રમુખ ભરતભાઈ ખત્રી, વાઈસ ચેરમેન જીગ્નેશભાઈ ટાટારીયા તથા કમીટી મેમ્બરોએ મહેનત કરી હતી.

માણસા મામલતદાર કચેરીનો રજીસ્ટ્રી ક્લાર્ક લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની માણસા મામલતદાર કચેરીમાં વર્ગ-૩ રજીસ્ટ્રી ક્લાર્ક તરીકે નોકરી કરતો કર્મચારી એસીબીની ઝપટમાં લાંચ લેતા ઝડપાઈ ગયો છે. જમીનની નકલો આપવા માટે રૂ. ૧૧૦૦ ની લાંચની માંગણી કરનાર ક્લાર્કને એસીબીએ ટ્રેપ ગોઠવીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના વિનોદભાઈ શાહ માણસા મામલતદાર કચેરી રજીસ્ટ્રી ક્લાર્ક કૈલાશભાઈ ગીરીધરભાઈ રાવલ પાસે જઈ જમીનની નકલોની માંગણી કરી હતી. આ નકલો માટે અવારનવાર ધક્કા ખવડાવ્યા બાદ આખરે રૂ. ૧૧૦૦ ની લાંચ ક્લાર્કે માંગી હતી. જે અંગે વિનોદભાઈએ એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરીયાદ કરી હતી. જેને આધારે એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને રજીસ્ટ્રી ક્લાર્કને લાંચ લેતા ઝડપી પાડ્યો હતો. અને ગઈકાલે તેની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા

જિલ્લા કક્ષાની બહેનોની અંડર-૧૭ અને ૧૯ ખો-ખો સ્પર્ધા મહાત્મા વિદ્યાલય સે-૧૬ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની છ વિદ્યાર્થીનીઓ વિજેતા થઈ રાજયકક્ષાએ પસંદગી પામી છે. જેમાં માનશી ચૌધરી, નિરાલી ચૌધરી, નેજા જાની, દિવ્યા સોલંકી, કિંજલ પઢિયાર અને તોરલ વાઘેલા રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તમામ વિદ્યાર્થીનીઓને શાળા પરીવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ : ૧૦૦ મી.મી.

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મેરી કોમ : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦

સ્ક્રીન-૪ :

મેરી કોમ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :

મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. જશવંતસિંહ રૂપસિંહ સોલંકી (ઉ.વ.૪૪) મુ. દોલતાબાદ, તા. તલોદ, જી. સાબરકાંઠા
- સ્વ. મનુભાઈ લલ્લુરામ યાજ્ઞિક (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૫૧૭/૨, સેક્ટર-૨૧, વાસ્તુનિર્માણ સોસાયટી, ગાંધીનગર
- સ્વ. ગોપાલભાઈ શ્યામલાલ દોશી (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૧૭૩, હરિ વિલાસ એપાર્ટમેન્ટ, સેકટર-૨૯, ગાંધીનગર
- અમરસિંહ ઉમેશસિંહ ગોહિલ (ઉ.વ.૬૩) મુ. ઈન્દ્રોડા, રામજીમંદિરની બાજુમાં, તા. જી. ગાંધીનગર